Vyaapar (Gujarati)

Mumbai - Mar 13, 2019

| | | | |
|---|---|---|---|
| Page No: | 3 | Type: | Newspaper |
| Page Name: | Share Bazaar | Language: | Gujarati |
| Size: | 513 sq. cm | Circulation: | 7,784 |
| AVE: | INR 0 | Frequency: | Weekly |

News monitored for: Lemon Tree Hotels

Title: Sensex Surges 482 Points

# વિદેશી સંસ્થાઓની જોરદાર લેવાલીથી સેન્સેક્સમાં ૪૮૨ પૉઇન્ટનો ઉછાળો



મુંબઈ શૅરબજાર

વ્યાપાર ટીમ

મુંબઈ, તા. ૧૨ માર્ચ

એશિયન બજારોમાં સુધારો અને સ્થાનિકમાં એફપીઆઈ (ફોરેન પોર્ટ ફોલિયો ઇન્વેસ્ટર્સ)ની જોરદાર લેવાલીથી સ્થાનિક એનએસઈ ખાતે નિફ્ટી સતત બીજા દિવસે ૧૩૩ પોઇન્ટના સુધારે ૧૧,૩૦૧ બંધ રહ્યો હતો. શરૂઆતથી જ ઉપરમાં ૧૧૨૩૧ ખૂલીને ૧૧,૨૨૭નું દૈનિક બોટમ બનાવ્યા પછી નિફ્ટી ૧૧,૩૨૦ની સપાટીએ જઈને વધઘટ પછી અંતે ૧૧,૩૦૧.૨૦ બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૪૮૨ પોઇન્ટ વધીને ૩૭,૫૩૫.૬૬ બંધ હતો.

આજના સુધારામાં યુરોપિયન યુનિયને બ્રેક્ઝીટ મુદ્દે અનેક શરતોમાં બાંધછોડ કરી હોવાથી વૈશ્વિક અર્થતંત્ર સુધરવાના સંજોગ જોતાં સ્થાનિક બજાર પણ સુધારે રહ્યું હતું. ઉપરાંત કેન્દ્રમાં સત્તારૂઢ પક્ષના પુનઃ સત્તા પર આવવાના સર્વેક્ષણના તારણે બજારમાં નવી સટ્ટાકીય ખરીદી શરૂ થઈ હોવાથી ટેક્નિકલી



બજારને હવે ટકો મળ્યો છે. જોકે, આરએસઆઈમાં સ્ટોક ઇન્ડેક્સ થોડી ઓવરબોટ સ્થિતિ દર્શાવે છે.

આજના સુધારામાં બૅન્કિંગ, ઔદ્યોગિક, નાના ધિરાણ, ફાર્મા અને સિમેન્ટ ક્ષેત્રમાં નવી લેવાલી આવી હતી. નિફ્ટીના અગ્રણી શૅરમાં ૩૪ વધવા સામે ૧૬ શૅર ઘટીને બંધ હતા. બીએસઈ ખાતે મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ અનુક્રમે ૯૮ અને ૧૫૮ પોઇન્ટ વધ્યા હતા. આજે નોંધપાત્ર સુધરનાર શૅરમાં આઈસીઆઈસીઆઈ બૅન્ક વર્ષની ટોચે (૧૩ ટકા વધીને) રૂા. ૩૮૯ બંધ હતો. ભારતી એરટેલ દ્વારા સહયોગી કંપનીમાં હિસ્સો ઘટાડવાના અહેવાલથી શૅર ૧૫ ટકા (બે દિવસમાં) વધીને રૂા. ૩૫૦ બંધ હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વર્ષની ટોચે રૂા. ૧૧૩૩ ક્વોટ થયો હતો. જ્યારે એચડીએફસી લાઇફમાં ૫ ટકા ઘટાડો નોંધાયો હતો.

આજે નોંધપાત્ર સુધારામાં ઇન્ડસઇન્ડ બૅન્ક રૂા. ૫૪ એચડીએફસી બૅન્ક રૂા. ૪૨, કોટક બૅન્ક રૂા. ૧૪, એચડીએફસી રૂા. ૩૨, ડોરેકીસ રૂા. ૪૧, રિલાયન્સ રૂા. ૪૨, અલ્ટ્રાટેક રૂા. ૪૭, એચયુએલ રૂા. ૨૦, મારુતિ સુઝુકી રૂા. ૭૫ અને એલએન્ડટી રૂા. ૪૨ વધ્યા હતા.

જ્યારે ઘટનાર શૅરમાં આઇશર મોટર્સ રૂા. ૫૧૦, બજાજ ફિનસર્વ રૂા. ૩૮ અને અન્ય કેટલાક અગ્રણી શૅર ઓછાવત્તે ઘટીને બંધ હતા.

બજાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે મહદ્ અંશે નવા ટેક્નિકલ વલણમાં પહોંચેલ બજારમાં ટ્રેન્ડને પરખવા માટે એકાદ કરેક્શનની રાહ જોવી હિતાવહ રહેશે. ચૂંટણીનો પ્રચાર આગળ વધવા સાથે બજારનો સાચો ટ્રેન્ડ સ્પષ્ટ થશે એમ કેટલાક અનુભવીઓ માને છે.

**એશિયન બજારો**

બ્રિટનની સંસદમાં બ્રેક્ઝિટ અંગેના બેરિંગ પૂર્વે યુરોપે તેની પૂર્વ શરતો હળવી કરવાથી એશિયન બજાર સુધર્યા છે. એશિયાનો મુખ્ય એમએસસીઆઈ બ્રોડેસ્ટ ઇન્ડેક્સ ૧.૦૮ ટકા, જપાન ખાતે નિક્કી ૧.૯ ટકા અને ઑસ્ટ્રેલિયન શૅરો ૦.૪ ટકા સાથે ચીનમાં શૅરબજાર સુધારે રહ્યા હતા.

**બીએસઈ પર સૌથી વધુ વધ્યા**

| કંપની | બંધ ભાવ (₹) | વધ્યા (ટકા) |
|---|---|---|
| મનપસંદ | ૧૨૦.૨૦ | ૧૬.૪૭ |
| બૉમ્બે ડાઈંગ | ૧૨૯.૪૦ | ૧૧.૫૫ |
| સીજી પાવર | ૪૨.૪૫ | ૧૦.૧૨ |
| કેઈઆઈ | ૪૩૨.૧૦ | ૯.૦૯ |
| તાતા સ્ટીલ-પીપી | ૬૪.૬૦ | ૮.૫૭ |

**બીએસઈ પર સૌથી વધુ ઘટ્યા**

| કંપની | બંધ ભાવ (₹) | ઘટ્યા (ટકા) |
|---|---|---|
| બજાજ કન્ઝ્યુ. | ૩૧૬.૬૫ | ૯.૩૧ |
| લેમન ટ્રી | ૮૩.૧૫ | ૫.૫૧ |
| સ્પાઈસ જેટ | ૭૮.૮૦ | ૫.૨૯ |
| નવકાર કોર્પ | ૪૫.૫૫ | ૫.૦૧ |
| જેએમ ફાઈ. | ૮૧.૬૫ | ૫.૦૦ |

**બીએસઈ પર ટોપ ટર્નઓવર**

| કંપની | ટર્નઓવર (કરોડ ₹) | વોલ્યુમ |
|---|---|---|
| બજાજ કન્ઝ્યુ. | ૪૦૧.૦૮ | ૧૨૬૬૪૪૮૮ |
| રિલાયન્સ ઈન્ડ. | ૨૫૪.૬૯ | ૧૯૨૪૬૩૫ |
| આઈસી. બૅન્ક | ૧૪૭.૩૯ | ૩૮૨૧૩૦૫ |
| ઈન્ફોએજ | ૮૫.૩ | ૪૭૫૫૯૬ |
| લાર્સન ઍન્ડ ટુબ્રો | ૭૩.૬ | ૫૨૯૮૨૦ |

## મિડ અને સ્મૉલ કૅપ શૅર્સમાં તેજી આગળ વધશે



વનેશ પંચાલ

ડિરેક્ટર,

બીલાઈન બ્રોકિંગ

શૅરબજાર પ્રિ-ઇલેક્શન તેજીના મોડમાં પ્રવેશી ગયું છે. બજારનાં વર્તુળોને પણ છેલ્લા બે દિવસની તેજીથી થોડું આશ્ચર્ય થઈ રહ્યું છે. જોકે આમ થવાનો સંકેત અગાઉના આર્ટિકલમાં અહીં આપ્યો જ હતો. બજાર ટૂંકા ગાળા માટે ઓવરબૉટ છે અને એથી હવે કૉન્સોલિડેશનનો તબક્કો ફરી જોવા મળી શકે છે. અલબત્ત, મિડ-કૅપ્સ માટે હજી મંઝિલ લાંબી છે, કેમ કે તેમણે પ્રત્યાઘાતી સુધારાનો પ્રથમ તબક્કો જ પૂર્ણ કર્યો છે. મિડ કૅપ શૅર્સ એક-દોઢ વર્ષ અગાઉની ટોચથી ૮૦ ટકા જેટલા તૂટી ચૂક્યા હતા અને એથી તેમને માટે સુધારાની ઘણી જગ્યા બાકી છે.

માર્ચ મહિનાથી મિડ અને સ્મૉલ-કૅપ્સમાં શરૂ થયેલો સુધારાનો દોર ત્રણ મહિના સુધી વિનાઅવરોધ ચાલુ રહેશે. એટલે કે મે મહિનાના અંત સુધી ટ્રેડર્સ માટે બજાર મોટી તક પૂરી પાડી રહ્યું છે. દૈનિક ધોરણે બજારમાં વૉલ્યુમ વગેરે જેવી બાબતોનો અભ્યાસ કરી સમયસૂચકતા દાખવનાર ટ્રેડર ૧૦,૦૦૦ના ૩૦,૦૦૦ રૂપિયા તો કરી જ શકે છે. અલબત્ત, તેણે કેટલીક શિસ્ત જાળવવાની રહેશે; જેમ કે ટ્રેડિંગ લૉટ રૂ. ૧૦,૦૦૦નો નક્કી કર્યો હોય તો દરેક ટ્રેડમાં એને વળગી રહેવું પડશે.

ઉપરાંત, એક વાર શૅર ખરીદ્યા પછી ઘટે તો નીચામાં ક્યારેય સરેરાશ નહીં કરવાની. ખરીદભાવથી ઊંચા ભાવે ચોક્કસ વધુ ખરીદી કરી શકાય. આ રીતે અન્ય પરિબળો પણ ફિક્સ કરીને ટ્રેડિંગ શરૂ કરી શકાય. લાર્જ-કૅપ્સની વાત કરીએ તો ટેલિકૉમ અને ખાનગી બૅન્કિંગમાં મજબૂતી જળવાઈ શકે છે. જ્યારે આઇટી અન્ડરપર્ફોર્મન્સ જાળવે એવું બેસે છે. મિડ-કૅપ્સમાં એનબીએફસીમાં એકાદ ઝડપી સુધારાનો અણસાર મળી રહ્યો છે.



© Vyaapar (Gujarati)